આજે પ્રથમ વન ડે : ન્યુઝીલેન્ડની નજર રો.કો. પર

બિન અનુભવી ઝડપી બોલિંગ આક્રમણ ભારત માટે ચિંતાનો વિષય, તેનાથી યજમાન ટીમ વધુ સારી સ્થિતિમાં

રોહિત અને વિરાટ દક્ષિણ ગોળાર્ધના પોતાના સંભવિત છેલ્લા પ્રવાસમાં અપેક્ષા મુજબ આકર્ષણનું કેન્દ્ર રહેશે

સવારે 7.30 વાગ્યાથી મેચનું જીવંત પ્રસારણ સોની સ્પોર્ટસ નેટવર્ક અને લાઇવ સ્ટ્રીમીંગ સોની લિવ પર




ઓકલેન્ડ, તા. 03 (પીટીઆઈ) : પાંચ મેચની વનડે સીરિઝની પ્રથમ વન ડે આવતીકાલે બુધવારે અહીં રમાશે ત્યારે ન્યૂઝીલેન્ડની સાથે જ બધાની નજર ફરી એકવાર દક્ષિણ ગોળાર્ધમાં સંભવતઃ પોતાના છેલ્લા પ્રવાસમાં આકર્ષણનું કેન્દ્ર રહેનારા રોહિત શર્મા અને વિરાટ કોહલી પર રહેશે. જો કે ભારતના બિનઅનુભવી બોલિંગ આક્રમણથી યજમાન ટીમ વધુ સારી સ્થિતિમાં જણાઈ રહી છે.

વનડે સીરિઝ બાદ તરત જ શરૂ થનારી ટેસ્ટ સીરિઝને ધ્યાને લઈને જસપ્રીત બુમરાહને આરામ આપવામાં આવ્યો છે, જ્યારે પ્રસિદ્ધ કૃષ્ણા અને હર્ષિત રાણા ઈજાને કારણે ટીમની બહાર છે. પરિણામે, એકમાત્ર અનુભવી મહંમદ સિરાજે વધારાની જવાબદારી નિભાવવી પડશે. સિરાજ ઉપરાંત, ભારતીય ટીમના અન્ય ચાર નિષ્ણાત બોલરો અર્શદીપ સિંહ (18 મેચ), ગુરનુર બ્રાર (નવ મેચ), અંશુલ કંબોજ અને આકિબ નબી (1-1 મેચ) મળીને 29 વનડે રમવાનો સંયુક્ત અનુભવ ધરાવે છે.

વનડે સીરિઝ 15 નવેમ્બરે સમાપ્ત થશે અને પહેલી ટેસ્ટ 19 નવેમ્બરે વેલિંગ્ટનમાં રમાશે. આમ તૌરંગામાં પાંચમી અને અંતિમ વનડે પછી તરત જ ટેસ્ટ સીરિઝ શરૂ થવાની હોવાથી ભારતના કેટલાક સ્ટાર ખેલાડીઓ છેલ્લી બે વનડે મેચ ગુમાવશે. કેપ્ટન શુભમન ગિલ પણ ટેસ્ટ મેચો પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે છેલ્લી બે વનડે મેચોમાં નહીં રમે.

કુલદીપને ઇલેવનમાં સમાવવો કે નહીં તેનું ધર્મસંકટ

હાલની ટીમમાં 201 વિકેટ સાથે સૌથી સફળ વન-ડે બોલર કુલદીપ યાદવ ઉપલબ્ધ હોવા છતાં, હાર્દિક પંડ્યાની ગેરહાજરીને કારણે તેને પ્લેઇંગ 11માં સ્થાન મળવું મુશ્કેલ દેખાઈ રહ્યું છે. જોકે, 11થી 40 ઓવર વચ્ચે સર્કલ બહાર માત્ર ચાર ફીલ્ડર્સ જ રાખવાની મંજૂરી હોવાથી મિડલ ઓવર્સ ખૂબ મહત્વની બની જાય છે અને કુલદીપ એક એટેકિંગ વિકલ્પ છે તેમાં કોઈ બેમત નથી. ગિલે જણાવ્યું, કે મિડલ ઓવરોમાં વિકેટ લેતો બોલર હોવો ખૂબ જરૂરી છે. આ મેદાનના પરિમાણો અને 55 મીટરની ટૂંકી બાઉન્ડ્રી જોતાં સ્પિનરો પાસે કેટલી ઓવર કરાવવી તે નક્કી નથી. પરંતુ આગામી વર્લ્ડકપને ધ્યાનમાં રાખીને મિડલ ઓવરોમાં વિકેટ ઝડપી શકે તેવો બોલર ટીમમાં હોવો જરૂરી છે.

ભારતીય પ્લેઇંગ ઇલેવનનું કોમ્બિનેશન લગભગ નક્કી જ છે

વનડેમાં ભારતના ટોચના પાંચ બેટ્સમેનોની યાદી લગભગ નક્કી થઈ ગઈ છે. રોહિત અને કેપ્ટન ગિલ ઇનિંગની શરૂઆત કરશે, ત્યારબાદ કોહલી અને વાઇસ કેપ્ટન શ્રેયસ ઐયરનો સમાવેશ થશે. અનુભવી વિકેટકીપર-બેટ્સમેન કેએલ રાહુલ પાંચમા નંબરે બેટિંગ કરશે, જ્યારે ઓલરાઉન્ડર અક્ષર પટેલ અને માત્ર પ્રથમ વન ડે માટે ઉપલબ્ધ નીતિશ કુમાર રેડ્ડી છઠ્ઠા અને સાતમા નંબરે બેટિંગ કરવા મોકલી શકાય છે. ઈડન પાર્ક ગ્રાઉન્ડની સ્ટ્રેટ બાઉન્ડ્રી માત્ર 55 મીટરની હોવાથી ભારત સિરાજ, અર્શદીપ સિંહ અને ગુરનૂર બ્રાર જેવા ત્રણ ફાસ્ટ બોલરો સાથે મેદાનમાં ઉતરે તેવી પૂરી શક્યતા છે.

હેનરી સાથે અથડાતા માથામાં ઈજા થતાં કોનવે પ્રથમ વનડેમાંથી બહાર, તેના સ્થાને સૈફર્ટનો સમાવેશ

ઓકલેન્ડ, તા. 03 (પીટીઆઇ) : ન્યૂઝીલેન્ડના સિનિયર બેટ્સમેન ડેવોન કોનવે પ્રેક્ટિસ સેશન દરમિયાન સાથી ખેલાડી મેટ હેનરી સાથે અથડાયા બાદ માથામાં ઈજા (કન્કશન) થવાને કારણે બુધવારે અહીં ભારત સામેની પ્રથમ વનડે મેચમાંથી બહાર થઈ ગયો છે. ન્યૂઝીલેન્ડના કેપ્ટન મિચેલ સેન્ટનરે મંગળવારે જણાવ્યું હતું કે ટિમ સૈફર્ટ તેનું સ્થાન લેશે. ન્યૂઝીલેન્ડ ક્રિકેટે એક નિવેદનમાં જણાવ્યું હતું કે કોનવેને હોસ્પિટલના અકસ્માત અને કટોકટી વિભાગમાં તપાસ માટે લઈ જવામાં આવ્યો હતો, જ્યાં તેને માથામાં દુખાવો હોવાની પુષ્ટિ થઈ હતી. પરિણામે, તે આવતીકાલે ભારત સામેની પ્રથમ વનડે રમી શકશે નહીં.

વર્લ્ડકપમાં ભારત-પાકિસ્તાન વચ્ચેની મેચ માટે 8397294 ટિકિટની માગ

વર્લ્ડકપની આ મેચ જ્યા રમાવાની છે તે જોહાનિસબર્ગના ધ વાન્ડરર્સ સ્ટેડિયમની ક્ષમતા માત્ર 34000ની

ભારત-પાકિસ્તાનની મેચ પછી 7,900,944 ટિકિટ વિનંતી સાથે ફાઇનલ બીજી સૌથી વધુ ટિકીટ માગ ધરાવતી મેચ

દુબઈ, તા. 03 : ગયા મહિને 2027 વર્લ્ડકપ માટે આઈસીસીએ શેડ્યૂલ જાહેર કર્યા પછી ભારત અને પાકિસ્તાન વચ્ચે 10 ઓક્ટોબરે રમાનારી મેચ માટે સૌથી વધુ લગભગ 84 લાખ ટિકીટની માગ ઉઠી છે. જો કે જ્યાં આ મેચ રમાવાની છે તે જોહાનિસબર્ગના ધ વાન્ડરર્સ સ્ટેડિયમમાં રમાશે, જેમાં લગભગ 34,000 દર્શકોની બેઠક ક્ષમતા છે.

આઈસીસીએ અહેવાલ આપ્યો છે કે તેને ભારત-પાકિસ્તાન મેચ માટે 8,397,294 ટિકિટ બેલેટ વિનંતીઓ મળી છે. આ મેચ પછી, બીજી સૌથી વધુ ટિકિટ વિનંતીઓ 21 નવેમ્બરના રોજ વાન્ડરર્સ સ્ટેડિયમ ખાતે યોજાનારી ફાઇનલ માટે 7900944 ટિકિટ વિનંતીઓ મળી હતી. દક્ષિણ આફ્રિકા, ઝિમ્બાબ્વે અને નામિબિયાની સંયુક્ત યજમાનીમાં યોજાનારા આ વન ડે વર્લ્ડકપની મેચો માટે અત્યાર સુધીમાં આઈસીસીને 120 મિલિયનથી વધુ ટિકિટ વિનંતીઓ મળી છે.

આઈસીસી ટિકિટ બેલેટમાં ભાગ લેવા માટે ચાહકોએ કોઈ ફી ચૂકવવાની જરૂર નથી. દરેક વ્યક્તિ મેચ માટે ફક્ત એક જ વાર ટિકિટ માટે અરજી કરી શકે છે. ટિકિટ ફાળવણી વહેલો તે પહેલાના આધારે નહીં થાય. બેલેટ સમયગાળા દરમિયાન કોઈપણ સમયે અરજી કરનારા ચાહકોને ટિકિટ મેળવવાની સમાન તક મળશે. જો મેચ માટે ઉપલબ્ધ ટિકિટ કરતાં વધુ અરજીઓ પ્રાપ્ત થશે, તો વિજેતાઓની પસંદગી રેન્ડમ રીતે કરવામાં આવશે. જો કોઈ વિનંતીકર્તાને ટિકિટ મળે છે, તો તેને આઈસીસી દ્વારા તેના નોંધાયેલા ઈમેઈલ પર સૂચિત કરવામાં આવશે.

રણજી ટ્રોફી રાઉન્ડ અપ

ઉર્વિલની બેવડી સદીથી ગુજરાતે કેરળ પર પ્રભુત્વ જમાવી દીધું

અમદાવાદ : રણજી ટ્રોફી એલિટ ગ્રુપ સીની અહીં રમાતી એક મેચમાં આજે મંગળવારે બીજા દિવસે ઉર્વિલ પટેલની આક્રમક બેવડી સદીની મદદથી ગુજરાતે નવ વિકેટે 534 રનના વિશાળ સ્કોર પર પોતાનો દાવ ડિકલેર કર્યા પછી દિવસનાં અંત સુધીમાં 74 રનના સ્કોર પર કેરળની ત્રણ વિકેટ ખેરવીને મેચ પર પોતાનું પ્રભુત્વ જમાવી દીધું હતું. ઉર્વિલે 17 ચોગ્ગા અને છ ચોગ્ગાની મદદથી 227 બોલમાં 210 રન બનાવ્યા હતા. તેના સિવાય આર્ય દેસાઇએ પણ 95 રનની ઇનિંગ રમી હતી.

ત્રિપુરાના 268 રનના સ્કોર સામે સૌરાષ્ટ્ર માત્ર 188 રનમાં ઓલઆઉટ થતાં મુશ્કેલીમાં

અગરતલા : રણજી ટ્રોફી ગ્રુપ બીની અહીં રમાતી એક મેચના આજે મંગળવારે બીજા દિવસે ત્રિપુરાના પ્રથમ દાવના 268 રનના સ્કોર સામે સૌરાષ્ટ્રની ટીમ માત્ર 188 રનમાં ઓલઆઉટ થતાં ત્રિપુરાએ પ્રથમ દાવની 150 રનની મહત્વની સરસાઇ મેળવી લેતા સૌરાષ્ટ્ર મુશ્કેલીમાં મુકાયું હતું. બીજા દિવસના અંત સુધીમાં ત્રિપુરાએ 54 રનમાં ચાર વિકેટ ગુમાવી દીધી હતી. જો કે તેમ છતાં તેઓની કુલ સરસાઇ વધીને 204 રન થઇ હતી.

બરોડાના 355 રનના સ્કોર સામે ઉત્તર પ્રદેશે વિના વિકેટે 196 રન બનાવ્યા

કાનપુર : રણજી ટ્રોફી ગ્રુપ બીની અહીં રમાતી એક મેચમાં આજે બીજા દિવસે બરોડાનો પ્રથમ દાવમાં 355 રનનો સ્કોર પર પુરો થયો હતો અને તે પછી બીજા દિવસના અંત સુધીમાં ઉત્તરપ્રદેશે વિના વિકેટે 196 રન બનાવીને મજબૂત જવાબ આપ્યો હતો. રમત બંધ રહી ત્યારે આદર્શ સિંહ 96 અને માધવ કૌશિક 90 રને ક્રિઝ પર હતા. આ પહેલા બરોડાએ ગઇકાલના છ વિકેટે 269 રનના સ્કોરમાં 86 રનના ઉમેરામાં બાકીની ચાર વિકેટ ગુમાવી દીધી હતી.

હાર્દિક અને અર્શદીપના હાઇ પ્રોફાઇલ ટ્રેડ અંગે મુંબઈ-પંજાબ વચ્ચે ચર્ચા

આઇપીએલ હરાજી પહેલાં મુંબઇ અને પંજાબ ફ્રેન્ચાઇઝી વચ્ચે એડવાન્સ્ડ લેવલની વાટાઘાટો શરૂ

પંજાબ કિંગ્સ ઓક્શન પહેલા માર્કસ સ્ટોઇનિશ અને નેહર વાઢેરાને પણ રિલિઝ કરી શકે છે



ફાસ્ટ બોલર અર્શદીપ સિંહને મુંબઇ ઈન્ડિયન્સમાં મોકલવા માટે એડવાન્સ્ડ વાતચીત કરી રહ્યું છે.

નવી દિલ્હી, તા. 03 (પીટીઆઇ) : આ મહિનાના અંતમાં યોજાનારી ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ) ની હરાજી પહેલા, મુંબઇ ઈન્ડિયન્સ અને પંજાબ કિંગ્સ વચ્ચે એક મોટો ટ્રેડ સોદો થવાની શક્યતા છે. પંજાબ કિંગ્સ સ્ટાર ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યાને મેળવવા માટે પોતાના મુખ્ય

રોહિત શર્માના સ્થાને કપ્તાન બન્યા બાદ 2024ની સિઝનમાં મુંબઇ ઈન્ડિયન્સ માટે હાર્દિકનું પ્રદર્શન ખાસ રહ્યું નહોતું અને ટીમના નેતૃત્વ હેઠળ મુંબઇ છેલ્લા ત્રણ વર્ષમાં બે વાર પ્લે-ઓફમાં પહોંચવામાં નિષ્ફળ રહ્યું છે. નિરાશાજનક 2026 સિઝન બાદ હાર્દિકનું નામ કોલકાતા નાઇટ રાઇડર્સ સાથે પણ જોડાયું હતું, પરંતુ સૂત્રોના જણાવ્યા મુજબ તે પંજાબ કિંગ્સમાં જોડાય તેવી પ્રબળ શક્યતા છે. 2027ની સિઝન માટે રોહિત શર્મા ફરી મુંબઇનું નેતૃત્વ સંભાળે તેવી ધારણા છે.

આઈપીએલના એક સૂત્રએ જણાવ્યા અનુસાર બંને ટીમો આ ટ્રેડ માટે ઉત્સુક છે, પરંતુ હજુ સુધી આખરી નિર્ણય લેવાયો નથી. અર્શદીપ સિંહ લાંબા સમયથી પંજાબ કિંગ્સ સાથે જોડાયેલો છે અને હાલમાં ટી-20 ઇન્ટરનેશનલ ક્રિકેટમાં ભારત માટે સૌથી વધુ વિકેટ લેનારો બોલર છે, તેથી તેને છોડવો પંજાબ માટે સરળ નિર્ણય નથી. શ્રેયસ અય્યર પંજાબનો કપ્તાન તરીકે ચાલુ રહેશે, તેથી હાર્દિક માત્ર એક ખેલાડી તરીકે જ ટીમમાં જોડાશે. બીસીસીઆઈએ ટીમમાં ખેલાડીઓને રિટેન કરવાની તારીખ 17 નવેમ્બર સુધી લંબાવી છે, જેથી બંને ટીમો પાસે સમય છે. એવું માનવામાં આવે છે કે પંજાબ 16 ડિસેમ્બરે યોજાનારી હરાજી પહેલા માર્કસ સ્ટોઈનિસ અને નેહલ વાઢેરાને પણ રિલીઝ કરી શકે છે.

પ્રેમા રાવતે મહિલા ટી-20માં સૌથી ઝડપી અડધી સદીનો રેકોર્ડ કર્યો

સીનિયર મહિલા ટી-20 ટ્રોફીની મેચમાં ઉત્તરાખંડ વતી પ્રેમાએ માત્ર 14 બોલમાં અર્ધસદી ફટકારી



પુણે, તા. 03 (પીટીઆઇ) : ભારતીય ઓલરાઉન્ડર પ્રેમા રાવતે આજે મંગળવારે અહીં સિનિયર મહિલા ટી20 ટ્રોફી મેચમાં 14 બોલમાં અડધી સદી ફટકારીને મહિલા ટી-20 ક્રિકેટમાં સૌથી ઝડપી 50 રન બનાવવાનો રેકોર્ડ બનાવ્યો હતો.

ઉત્તરાખંડની 24 વર્ષીય ખેલાડીએ પોતાની ઈનિંગમાં છ ચોગ્ગા અને ચાર છગ્ગા ફટકાર્યા હતા અને તેનો સ્ટ્રાઇક રેટ 357 હતો. તેની ઈનિંગના કારણે ઉત્તરાખંડે હૈદરાબાદને 89 રનથી હરાવ્યું હતું. મહિલા ટી-20 ઈન્ટરનેશનલ મેચોમાં સૌથી ઝડપી અડધી સદીનો રેકોર્ડ પાકિસ્તાનની કેપ્ટન ફાતિમા સનાના નામે છે, જેમણે આ વર્ષની શરૂઆતમાં ઝિમ્બાબ્વે સામે 15 બોલમાં આ સિદ્ધિ મેળવી હતી. ઈંગ્લેન્ડની મેરી કેલી અને ઓસ્ટ્રેલિયાની લૌરા હેરિસે પણ ઘરેલુ ક્રિકેટમાં 15 બોલમાં અડધી સદી ફટકારી છે.

રાવતના નોટઆઉટ 50 રનની મદદથી ઉત્તરાખંડે નિર્ધારિત 20 ઓવરમાં બે વિકેટે 187 રન બનાવ્યા. જવાબમાં હૈદરાબાદ આઠ વિકેટે 98 રન જ બનાવી શક્યું હતું. પ્રેમા રાવતે બોલિંગમાં પણ સારું પ્રદર્શન કર્યું, ચાર ઓવરમાં 12 રન આપીને બે વિકેટ લીધી હતી.

ACTમાં આજે ભારત અને દક્ષિણ કોરિયા વચ્ચે સેમી ફાઈનલ જંગ

મોહાલી, તા. 03 (પીટીઆઈ): એશિયન ચેમ્પિયન્સ ટ્રોફી (એસીટી) હોકી ટુર્નામેન્ટમાં અત્યાર સુધી શાનદાર પ્રદર્શન સાથે અજેય પાંચ વખતની ચેમ્પિયન ભારતીય ટીમ આવતીકાલે બુધવારે અહીં રમાનારી સેમી ફાઈનલમાં દક્ષિણ કોરિયા સામે મેદાને પડશે ત્યારે ફોર્મમાં ચાલી રહેલા સ્ટ્રાઈકર અભિષેકની ઈજા તેમના માટે ચિંતાનો વિષય બની શકે છે, જો કે ટીમનું ઉંડાણ જોતા તેઓ ફેવરિટ તરીકે મેચમાં ઉતરશે. એશિયન ગેમ્સ ચેમ્પિયન ભારતે સોમવારે જાલંધરમાં છ ટીમોની ટુર્નામેન્ટની તેમની છેલ્લા રાઉન્ડ-રોબિન મેચમાં દક્ષિણ કોરિયાને 8-0થી હરાવ્યું હતું અને આ સિદ્ધિનું પુનરાવર્તન કરવા માટે તે કટિબદ્ધ રહેશે.

સ્પેનિશ ફૂટબોલરનું મેદાન પર હરીફ ગોલકીપર સાથે અથડાતા મોત

અથડામણ બાદ કાર્ડિયાક અરેસ્ટ આવતા હોસ્પિટલમાં દાખલ જેસસ મિગુએલનું મોત થતા પોલીસ તપાસ શરૂ

મેડ્રિડ, તા. 03 (એપી) : સ્પેનિશ ફૂટબોલ લીગની બીજી ડિવીઝનની મેચ દરમિયાન મેદાન પર થયેલી ભયંકર અથડામણ બાદ ત્રીસ વર્ષના ખેલાડી જેસસ ડે મિગુએલના મોતના મામલે સ્પેનિશ પોલીસે બિનઈરાદાપૂર્વક હત્યાના કેસમાં તપાસ શરૂ કરી છે. નેશનલ પોલીસના જણાવ્યા અનુસાર પ્રોસિક્યુટર્સ પણ આ તપાસમાં સામેલ થશે. સોમવારે રમાયેલી મેચ દરમિયાન ટેનેરિફ ક્લબનો ફોરવર્ડ ખેલાડી જેસસ ડે મિગુએલ મિડફીલ્ડ પાસે બોલ મેળવવા માટે પ્રયાસ કરી રહ્યો હતો તે દરમિયાન એન્ડોરા ક્લબના ગોલકીપર જેસસ ઓવોનો સાથે તેની જોરદાર ટક્કર થયા બાદ ડે મિગુએલને કાર્ડિયાક અરેસ્ટ આવ્યો હતો અને તેને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો પરંતુ સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું. આ ઘટના બાદ મેચને રદ જાહેર કરવામાં આવી હતી અને રેફરીએ ગોલકીપર ઓવોનોને રેડ કાર્ડ બતાવીને મેદાનની બહાર મોકલી દીધો હતો. ટેનેરિફ ક્લબે જણાવ્યું હતું કે આ દુર્ઘટનાથી સમગ્ર ટીમ અને પરિવાર આઘાતમાં છે. આ ઘટના બાદ સ્પેનિશ ફૂટબોલ ફેડરેશને કોપા ડેલ રેની આગામી મેચો મુલતવી રાખી છે અને અનેક ક્લબોએ શોક વ્યક્ત કર્યો છે.

ન્યૂઝીલેન્ડ સામેની ટેસ્ટ સીરિઝ માટે પ્રસિદ્ધ કૃષ્ણા ફિટ જાહેર

નવી દિલ્હી, તા. 03 : ભારતીય ઝડપી બોલર પ્રસિદ્ધ કૃષ્ણાને 19 નવેમ્બરથી ન્યૂઝીલેન્ડ સામે શરૂ થનારી બે મેચની ટેસ્ટ સીરિઝ માટે ફિટ જાહેર કરવામાં આવ્યો છે. પ્રસિદ્ધને ડાબી હેમસ્ટ્રીંગમાં ઇજા થતાં તે પાંચ મેચની વન ડે સીરિઝમાંથી બહાર થયો હતો. બીસીસીઆઈના એક સૂત્રએ જણાવ્યું હતું કે, પ્રસિદ્ધને ફિટ જાહેર કરવામાં આવ્યો છે અને તે ન્યૂઝીલેન્ડ સામેની આગામી ટેસ્ટ સીરિઝ માટે ઉપલબ્ધ રહેશે. પ્રસિદ્ધ ત્રીજી બિન સત્તાવાર મેચમાં રમે તેવી સંભાવના છે.

પ્રદૂષણને કારણે ભારત-શ્રીલંકા વનડે દિલ્હી બહાર ખસી શકે

નવી દિલ્હી, તા. 03 : ભારત અને શ્રીલંકા વચ્ચે 13 ડિસેમ્બરે દિલ્હીમાં રમાનારી પહેલી વન ડે મેચ પ્રદૂષણ અને ગ્રાઉન્ડના આઉટફિલ્ડમાં નવીનીકરણના કામને કારણે રાજધાનીની બહાર ખસેડવામાં આવી શકે છે. નવેમ્બર અને ડિસેમ્બર દરમિયાન પ્રદૂષણનું સ્તર ટોચ પર હોય છે, જે આ નિર્ણયનું એક મુખ્ય કારણ છે. વધુમાં, દિલ્હી અને જિલ્લા ક્રિકેટ એસોસિએશન (DDCA) એ ફિરોઝ શાહ કોટલા મેદાનમાં ચાલી રહેલા આઉટફિલ્ડ રિનોવેશન કાર્યને કારણે બીસીસીઆઇને મેચ દિલ્હીની બહાર ખસેડવા વિનંતી કરી છે.

જયસ્વાલની ફોર્મમાં વાપસી : બીજી બિનસત્તાવાર ટેસ્ટ ડ્રો

ક્રાઇસ્ટચર્ચ, તા. 03 (પીટીઆઇ) : ભારત અને ન્યૂઝીલેન્ડની એ ટીમો વચ્ચેની ડ્રો રહેલી બીજી બિનસત્તાવાર ટેસ્ટમાં ઓપનર યશસ્વી જયસ્વાલે આજે મંગળવારે અહીં સદી ફટકારીને બે મેચની ટેસ્ટ સીરિઝ પહેલા ભારતીય ટીમ મેનેજમેન્ટને તેના ફોર્મ અંગે ખાતરી આપી હતી. મેચના ચોથા અને અંતિમ દિવસે જયસ્વાલે 162 બોલમાં 15 ચોગ્ગા અને પાંચ છગ્ગાની મદદથી અણનમ 155 રન બનાવ્યા હતા. ડાબોડી બેટ્સમેન યશ રાઠોડે પણ નોટઆઉટ 100 રન ફટકારતા ભારતે બીજા દાવમાં બે વિકેટે 282 રન બનાવ્યા હતા, જેના પછી બંને કેપ્ટન મેચ ડ્રો કરવા સંમત થયા હતા.

સિંધુ, મીરાબાઈ IOA એથ્લેટ્સ કમિશનમાં બિનહરીફ ચૂંટાયા

નવી દિલ્હી, તા. 03 : ઓલિમ્પિક મેડલિસ્ટ પીવી સિંધુ અને મીરાબાઈ ચાનુ ઉપરાંત હરમનપ્રીત સિંહ, સલીમા ટેટે, સ્વપ્નિલ કુસલે, ભવાની દેવી, તજિન્દરપાલ સિંહ તૂર, બોમ્બાયલા દેવી, સાજન પ્રકાશ અને મનજીત સિંહ આજે મંગળવારે સર્વસંમતિથી ભારતીય ઓલિમ્પિક્સ એસોસિએશન (આઇઓએ)ના એથ્લેટ્સ કમિશનના સભ્યો તરીકે ચૂંટાયા હતા.

પશ્ચિમ રેલવે

રિગર્ડરિંગ કાર્ય


DY. CE (બ્રિજ-લાઈન), પશ્ચિમ રેલવે, દાદર દ્વારા ઈ-ટેન્ડર નં: DYCE-BR-DDR-2026-10 આમંત્રિત કરવામાં આવે છે. કાર્યનું નામ: મુંબઈ ડિવિઝનના વલસાડ સેક્શન હેઠળ એસ.એસ.ઈ. (બ્રિજ) અંતર્ગત રોડ ઓવર બ્રિજ-DRD કિલોમીટરઃ 123/10-12 પર સબ સ્ટ્રક્ચરને મજબૂત કરવાની સાથે સ્ટીલ / આરસીસી ગર્ડર્સનું નવા પ્લેટ ગર્ડર્સ દ્વારા રિગર્ડરિંગ કરવું. કાર્યની અંદાજિત કિંમતઃ રૂ. 94968721.53/- EMD: રૂ.18,99,400/- ઈ-ટેન્ડર જમા કરાવવાની અને ખોલવાની તારીખ તથા સમયઃ ઓનલાઈન ટેન્ડર 02.12.2026ના રોજ 15:00 કલાક પહેલાં જમા કરાવવાનું રહેશે અને તે જ દિવસે એટલે કે 02.12.2026ના રોજ 15:30 કલાકે ખોલવામાં આવશે. વેબસાઇટની વિગત અને નોટિસનું સ્થળ જ્યાં સંપૂર્ણ વિગતો જોઈ શકાય છેઃ વેબસાઇટ @ www.ireps.gov.in 0776

અમને લાઇક કરો: facebook.com/WesternRly

સુડોકુ ૭૮૬૭ 'ક્રૂર'

			૪	૫			૩	૭
	૩	૧	૭				૪	
૭	૬		૧	૨			૯	૫
		૩		૬	૪			૨
૨	૭		૩	૯	૧	૬		૪
૬	૪			૭			૧	૩
૪						૫		
	૨	૯	૬		૫		૭	
				૪			૬	

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોકસ છે.
- દરેક બોકસમાં નવ ખાનાં છે. દરેક બોકસમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોકસમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.



દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

કૃમિ

બાળકો માટે હિમાચલ પ્રદેશમાં પ્રચલિત આ પ્રયોગ સ્વ. મિત્ર ડો. કેવલ કિશનની ભેટ છે. કારેલા છૂંદી, કાઢેલો રસ બાળકને ઊંધું સુવડાવી એના મળદ્વાર પર રેડવું. રૂ રસમા ભીંજવી ત્યાં મૂકવું.

શબ્દગુંફન - ૭૨૮૭

અરવિંદ એસ. મારૂ



આડી ચાવી

૧. દૈવનો કોપ (૪)
૪. દયા, મહેરબાની (૨)
૬. વાંચવુ તે (૩)
૮. કિંમતી પથ્થર, મણિ (૨)
૯. સુવાસ પ્રસરવી તે, બહેક (૫)
૧૨. રગડવું (૩)
૧૩. ક્રિકેટની રમતમાં દોડીને લેવાય (૨)
૧૪. દિવેટ (૨)
૧૫. કેફ, અભિમાન (૨)
૧૬. યુક્તિ, કરામત (૪)
૧૮. રત્ન (૨)
૧૯. નિષેધ, પ્રતિબંધ (૨)
૨૦. એક જાતનું કાપડ (૨)
૨૨. મધમાખીએ એકઠો કરેલો રસ (૨)
૨૩. અધીરાઇનું આકળાપણું (૪)
૨૫. હાથી (૨)
૨૬. શરીર પર જન્મથી પડેલું ચાઠું (૨)
૨૭. ન મરે એવું (૩)
૨૮. પાણી (૨)
૨૯. આકાશમાં જનારું (૫)
૩૨. હેત, લાગણી (૩)
૩૩. લાગ, વખત (૨)

ઊભી ચાવી

૧. નાખુશી (૫)
૨. રીત, પધ્ધતિ (૩)
૩. પક્ષી-પંખીઓનું મોં (૨)
૫. સ્પર્શથી લોઢાને સોનું બનાવનાર મણિ (૫)
૬. પ્રતીક્ષા, રસ્તો (૨)
૭. નઠારું, નીચ (૩)
૧૦. નક્કર, ઘણું (૨)
૧૧. સની દેઓલ ની એક ફિલ્મ (૩)
૧૪. પવન (૨)
૧૬. મેંદી (૨)
૧૭. આળસના કસમોડા (૩)
૧૮. ''.....હોય તો માળવે જવાય'' (૨)
૧૯. લાલચ (૪)
૨૦. ફતેહ, વિજય (૨)
૨૧. ધ્યાન બહાર રહેલી ભૂલ (૫)
૨૪. પવિત્ર, શુધ્ધ (૩)
૨૫. મનનું વલણ, સૂઝ (૨)
૨૭. અમૃત (૨)
૨૮. ઔષધિના ગુણવાળું મૂળિયું (૨)
૨૯. બાજુ, સૂઝ (૨)
૩૦. વીતી ચૂકેલું (૨)
૩૧. બટન ઘાલવાનું નાકું (૨)



આજનું પંચાંગ

તા. 04/11/2026, બુધવાર

વિક્રમ સંવત : 2082 **શાકે :** 1948
વીર સંવત : 2552 **માસ :** આસો
તિથિ: વદ: દસમ: - 11:04
અયન : દક્ષિણાયન **ઋતુ :** હેમંત
રાષ્ટ્રિય દિનાંક : કારતક-13 **યોગ :** બ્રહ્મ
કરણ: બવ **નક્ષત્ર :** પૂ.ફા.:- 27:31
રાશિ: સિંહ (મ,ટ)
દિવસ : અશુભ
સુરતમાં સૂર્યોદય : 06:44 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:00
નવકારસી : 07:32
પારસી વર્ષ : 1396 ખોરદાદ માસનો 22 મો રોજ
મુસલમાન વર્ષ : 1448 જમાદીલ ઊલ અવલ માસનો 23મો રોજ
દિવસનાં ચોઘડિયાં: લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદવેગ, ચલ, લાભ,
રાત્રિનાં ચોઘડિયાં: ઉદવેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદવેગ
રાહુ કાળ : બપોરે: 12:00 થી 13:30 સુધી

આપની આજ

જયોતિષાચાર્ય હંસરાજ

મેષ (અ,લ,ઇ,): વડીલોની સલાહ માનવી. પ્રેમમાં વિશ્વાસ વધે. વિદ્યાભ્યાસમાં મન ઓછુ લાગશે. મિત્રો સાથે વિવાદ થાય.

વૃષભ (બ,વ,ઉ,): કામકાજમાં સાવધાની રાખવી. નવા ફેરફારથી મન અશાંત રહેશે. બહારના કામનો બોજ વધશે.

મિથુન (ક,છ,ઘ,): પ્રગતિના રસ્તા ખૂલે તેમજ ઉચ્ચ કક્ષાના લોકોનો સાથ મળે. ઉત્સાહજનક સમાચાર મળે. ગુપ્ત ભય રહે.

કર્ક (ડ,હ,): લેવડ-દેવડમાં સાવધાની પારિવારિક ધંધામાં આવક વધે. સંતાનો તરફથી સારા સમાચારથી ખુશી થાય.

સિંહ (મ,ટ,): જવાબદારી વધશે. દોડધામથી થાકનો અનુભવ થાય. પારિવારિક સમસ્યાનું સમાધાન થાય. આવક વધે.

કન્યા (પ,ઠ,ણ,): આરામ કરવાની જરૂર પડે. કામનો બોજ, તન અને મનને થકવી દેશે. આર્થિક બાબતે સંતુલન રાખવું.

તુલા (ર,ત,): તમારા નવા વિચારોથી કાર્ય સ્થળ પર પ્રભાવ વધે. મિત્રોનો સાથ સામાજિક કામમા મળે. નવા રોકાણ થાય.

વૃશ્ચિક (ન,ય,): આવક વધારવાના રસ્તા મળે. ઉત્સાહજનક સફળતાથી યશ વધે. સમાજમાં માન વધે. આવક વધે.

ધન (ભ,ધ,ફ,ઢ,): ઉપરી વર્ગ અને સમાજના વગદારો સાથેના સારા સંબંધોનો લાભ મળે. મિત્રોનો સાથ ઉપયોગી રહે.

મકર (ખ,જ,): માનસિક પીડા સતાવે. ખર્ચા વધે. આર્થિક વ્યવહારમાં ધીરજ રાખવી. સરકારી કામમાં સાવધાન.

કુંભ (ગ,સ,શ,ષ,): નવી ભાગીદારીની યોજના બને. રોજના કામમાં મદદ મળે. ઉઘરાણી આવી શકે છે.

મીન (દ,ચ,ઝ,થ,): શત્રુઓની પીછેહઠ થાય. આરોગ્યના કામમાં પ્રગતિ થાય વિજાતિય મિત્રોનો સાથ મળે.

કોઈ પણ સાલમાં 04 નવેમ્બરે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતુ આપનું નવુ વર્ષ સંઘર્ષમય પસાર થશે. નોકરી-ધંધામાં હરીફોની હેરાનગતિ સતાવે. આર્થિક બાબતે ચડતી-પડતી રહે. નોકરી-ધંધા વગેરેમાં ટેકનોલોજીનો લાભ મળે. આરોગ્ય નરમ-ગરમ રહે. સમાજમાં અશાંતિ રહે. પરિવારની સમસ્યા વધે. સંતાનોના અભ્યાસ કેરીયરમાં સામાન્ય રહે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં વિલંબ વધે. ઉમરલાયકને યોગ્ય પાત્ર મળે. પ્રેમ વિવાહમાં વિઘ્નો આવે. નવાં ઘર, વાહન, મકાન બાબતે પ્રગતિ ધીમી પડે. વિદેશના કામ અટકે. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. વારસા, જાયદાદ, જમીન વગેરે કામ ધીમાં પડે. આવક વધારવાની યોજનામાં મિત્રોનો સાથ મળે. વડીલોની મદદ મળતી રહે. સ્ત્રી વર્ગનો સંઘર્ષ વધશે. સંતાનોની સમસ્યા પરેશાન કરે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મથી શાંતિ મળે. જૂન-જુલાઈમાં રવિ-સોમ-બુધવારે 04, 13,22, 31 તારીખે નવા કામ કરવા નીલા રંગનો ઉપયોગ વધારવાં નવેમ્બર-ડિસેમ્બરમાં શુક્ર-શનિવારે 07,16,25 તારીખે નવા કામ ટાળવાં સફેદ રંગનો ઉપયોગ ટાળવો.

જાહેર નિવિદા નં.૨૩/૨૦૨૬-૨૭

ગુજરાત રાજ્યના નામદાર રાજ્યપાલશ્રી વતી ડી.પી.આઇ.યુ. અને કાર્યપાલક ઇજનેર, ડાંગ પંચાયત (મા*મ) વિભાગ આહવાજિ. ડાંગ ફોન નં (૦૨૬૩૧) ૨૨૦ ૩૩૬ દ્વારા ડાંગ જિલ્લાના ૨૦૨૬-૨૭ અંતર્ગત નીચે મુજબના કામ માટે ઓનલાઈન ઈ-ટેન્ડરમાં જણાવ્યા મુજબના રજીસ્ટર્ડ ઈજારદારશ્રીઓ પાસેથી ભાવો મંગાવમાં આવે છે. આ કામોની ઈ-ટેન્ડરની સંપૂર્ણ વિગતો વેબ સાઈટ "http://tender.nprocure.com" ઉપર થી જોવા મળશે.
(૧) જરૂરી દસ્તાવેજો સ્કેન કરીને મુકવાના રહેશે.
(૨) દરેક દસ્તાવેજોની હાર્ડ કોપી તથા ટેન્ડર ફી, એફ.ડી.આર., આર.પી.એડી. થી કાર્યપાલક ઇજનેરશ્રી ડાંગ પંચાયત (મા*મ) વિભાગ આહવાની કચેરી જિલ્લા પંચાયત ભવન આહવા-ડાંગને સબમીશનની છેલ્લી તારીખ થી દિન-૦૭ સુધીમાં પહોંચતા કરવાના રહેશે.
(૩) સોલવંશી સર્ટિફીકેટ તાજેતરના કેલેન્ડર વર્ષ-૨૦૨૬નું માન્ય રાખવામાં આવશે.

ઓનલાઈન ટેન્ડર જોવાની તારીખ	૦૩/૧૧/૨૦૨૬
ઓનલાઈન સબમીશનની છેલ્લી તારીખ અને સમય	૧૮/૧૧/૨૦૨૬, ૧૮.૦૦ કલાક
બીડ ખોલવાની તારીખ	૧૮/૧૧/૨૦૨૬, ૧૮.૧૦ કલાક

ક્રમ	કામનું નામ	રકમ રૂ. લાખમાં	ટેન્ડર ફી
૧	કન્સ્ટ્રકશન ઓફ કરંજડી વિલેજ મેઇન રોડ ટુ વસનભાઇ મોતીરામભાઇ ચૌધરી હાઉસ ટુવર્ડ રોડ ચે. ૦/૦ ટુ ૦/૮૦૦ તા.આહવા જી.ડાંગ	૨૯.૩૬	૧૫૦૦
૨	કન્સ્ટ્રકશન ઓફ નિશાણા વિલેજ મેઇન રોડ ટુ વારલી ફળિયા રોડ ચે. ૦/૦ ટુ ૦/૫૦૦ તા.આહવા જી.ડાંગ	૧૫.૯૫	૯૦૦
૩	કન્સ્ટ્રકશન ઓફ કાકશાળા વિલેજ આમલી ફળિયા ટુ જામિયા ટુવર્ડ રોડ ચે. ૦/૦ ટુ ૧/૦૦ તા.સુબીર જી.ડાંગ	૩૦.૬૨	૧૫૦૦
૪	કન્સ્ટ્રકશન ઓફ કેળ વિલેજ ઇન્ટરનલ રોડ ટુ કારબારી ફળિયા આસ્ફાલ્ટ સરફેસ વર્ક કિ.મી. ૦/૦ ટુ ૧/૦૦ તા.સુબીર જી.ડાંગ	૩૨.૯૫	૧૫૦૦
૫	કાકશાળા ગામે ઘામાલા પ્રા.શાળામાં કંમ્પાઉન્ડ વોલનુ કામ	૮.૭૭	૯૦૦
૬	કેળ પ્રા.શાળામાં કંમ્પાઉન્ડ વોલનુ કામ	૯.૦૦	૯૦૦

કાર્યપાલક ઈજનેર
ડાંગ પંચાયત (મા*મ) વિભાગ, આહવા
ક્રમાંકઃ માહિતી/ડાંગ/૧૩૩/૨૦૨૬

પારડી નગરપાલિકા જી.વલસાડ

આઝાદી કા અમૃત મહોત્સવ G20

નિવિદા નંબર-૧૩/૨૦૨૬-૨૭

ઓનલાઈન ટેન્ડરની જાહેર નિવિદા

પારડી નગરપાલિકા, કિલ્લા-પારડી, જિલ્લા.વલસાડ દ્વારા નીચે જણાવેલ કામો માટે ઓનલાઈન ટેન્ડર મંગાવે છે. ટેન્ડરની વધુ માહિતી / શરતો ઓનલાઈન ઉપલબ્ધ છે.

કામનું નામ	૧. અંદાજીત રકમ ૨. અર્નેસ્ટ મની ડિપોઝીટ ૩. ટેન્ડર ફી ૪. રજીસ્ટ્રેશન વર્ગ
પારડી નગરપાલિકા વિસ્તારમાં ભેંસલાપાડ ખાતે ડમ્પીંગ સાઈટ ખાતે લેગસી / ફેસ્ટવેસ્ટ નિકાલ કરવાનું કામ	૧.રૂા.૨૬,૦૬,૮૭૧.૦૦ ૨.રૂા.૨૬,૦૭૦.૦૦ ૩.રૂા.૧,૦૬૨.૦૦ ૪.ક્લાસ ''E1'' તથા તેની ઉપર
પારડી નગરપાલિકા વિસ્તારમાં ભેંસલાપાડ ખાતે ડમ્પીંગ સાઈટ ખાતે ૭-વર્ષ માટે ઓપરેટીંગ એન્ડ મેન્ટેનન્સ કરી ફેસ્ટવેસ્ટ નિકાલ કરવાનું કામ	૧.રૂ.૨૯,૨૦,૦૦૦.૦૦ ૨.રૂા.૨૯,૨૦૦.૦૦ ૩.રૂા.૧,૦૬૨.૦૦ ૪.ક્લાસ''E1'' તથા તેની ઉપર
વેબસાઈટનું નામ	https://tender.nprocure.com
ટેન્ડર ભરવાની છેલ્લી તારીખ	તા.૨૩/૧૧/૨૦૨૬ ૧૮-૦૦ કલાક સુધી
ટેન્ડર ફી, ઈ.એમ.ડી. (ડીમાન્ડ ડ્રાફ્ટ) તથા જરૂરી ડોક્યુમેન્ટ રજીસ્ટર પોસ્ટ એડી, સ્પીડ પોસ્ટ તથા કુરીયરથી પહોંચતા કરવાની તારીખ, સમય તથા સરનામું	તા.૨૬/૧૧/૨૦૨૬ ૧૮-૦૦ કલાક સુધી ચીફ ઓફિસર, પારડી નગરપાલિકા, તા.પારડી જિ.વલસાડ. ૩૯૬૧૨૫
ટેન્ડર ખોલવાની અંદાજીત તારીખ	તા.૨૭/૧૧/૨૦૨૬

ઉપરોક્ત ટેન્ડર માટે વધારાની માહિતી માટે ઉપરોક્ત વેબસાઈટ ઉપરાંત માહિતી વિભાગની વેબસાઈટ www.statetenders.gujarat.gov.in ઉપર જોવા વિનંતી. સદર કામ અંગેના તમામ હકકો/અધિકાર નગરપાલિકા અબાધિત રાખે છે.

પ્રમુખ
પારડી નગરપાલિકા
પારડી

ચીફ ઓફિસર
પારડી નગરપાલિકા
પારડી

ન. માહિતી/વલસાડ/૫૪૦/૨૦૨૬